# ધોરાજીમાં હોળી પર્વે બે પરિવારો વચ્ચે ધીંગાણું, સામસામે પથ્થરમારો: અનેક ઘવાયા

## રાજકોટથી મામાના પુત્રની વાડમાં ગયેલી પરિણીતાની કન્સ્ટ્રકશનના ધંધાર્થીએ છેડતી કરતા ડખ્ખો ઉદભવ્યો : સમાપક્ષે પરિણીતાના કપડાં ફાડી નાખ્યાની રાવ

### માથાકૂટ ટાણે જ પોલીસ પહોંચી ગઈ પાંચ મહિલા સહિત ૧૫ સામે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં હોળી પર્વે જ બે પરીવાર વચ્ચે ધીંગાણું ખેલાતા અનેક લોકો ઘવાયા હતા. રાજકોટથી મામાના પુત્રની વાડમાં ગયેલ પરિણીતાની કન્ટ્રકસનનના ધંધાર્થીએ જાતીય સતામણી કરતાં મામલો બીચકયો હતો. મોડી રાતે સામસામો પથ્થમારો થયા બાદ મહિલાઓ પર નિર્લજ્જ હુમલો પણ થયો હતો. જે મામલે ધોરાજી પોલીસે પાંચ મહિલા સહિત ૧૫ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે રાજકોટના કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે લક્ષ્મીના ઢોરે રહેતાં મધુબેન હાર્દિકભાઈ સોંદરવા (ઉ.વ. ૨૧)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ધવલ રવજી ભાસ્કર, સચીન પ્રવીણ પરમાર, દુર્ગાબેન રવજી ભાસ્કર, ભૂમિબેન ધવલ ભાસ્કર અને રવજી ભાસ્કર (રહે. તમામ ધોરાજી) નું નામ આપી જણાવ્યું હતું કે,

તેણીના પિતા બાઈકમાંથી પડી જતા તેને હાથમાં ઈજા થયેલ હોય જેથી તેની ખબર કાઢવા ત્રણ ચાર દિવસ પહેલા ધોરાજી આવેલ હતી. ગઈ તા.૦૨ ના રોજ હોળીનો તહેવાર હોય અને મામા ધીરજભાઈ સોંદરવાના દિકરાની વાડ હોય જેથી તેણી અને તેમની માતા લાભુબેન વિઝુંડા અને ભાઈઓ બધા નસીબ ચોક ખાતે ગયેલ હતા.

ત્યારે તા.૦૩ ના રાત્રીના દોઢેક વાગ્યાની વખતે તેણી સાઈડમાં ઉભી હતી. ત્યારે ધવલ ભાસ્કર ધસી આવીને ઉભો રહી ગયેલ અને તેણે કોણીથી બે ઠોસા મારેલ જેથી તેને કહેલ કે, મને કેમ ઠોસા મારો છો?'' તો આ ધવલ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેલ કે, તારે થાઈ તે કરી લે ઠોસા તો લાગશે, તેમ કહીને જતો રહેલ. જેથી ત્યાં હાજર ભાઈ પ્રવિણભાઈ વિઝુંડાને બનાવની વાત કરતી હતી. ત્યા માનીતા ભાઈઓ વિજયભાઈ સોલંકી, આશીષભાઈ પરમાર ત્યા બાજુમાં જ ઉભા હોય જેથી તેઓએ પુછતા તેઓને પણ બનાવની વાત કરેલ હતી.

જેથી આ ત્રણેય ધવલ ભાસ્કરને તેના ઘર પાસે સમજાવવા ગયેલ અને પાછળથી તેણી અને તેમની માતા લાભુબેન સહિતના લોકો પણ ત્યા પાછળ ગયેલ હતા. ત્યા ધવલ તથા તેના માતા-પિતા, ધવલની પત્નિ ભુમીબેન તથા ભત્રીજો સચીન પરમાર બધા ભેગા થઈ ભાઈઓ સાથે માથાકુટ કરતા હતા. ત્યા જતા બધાને સામ સામે ઝપાઝપી થયેલ હતી. તે દરમિયાન આરોપીઓ ગાળો આપી કહેતા હતા કે, આજે તો એકાદને મારી જ નાખવો છે, તેવુ બોલી મારી નાખવાની ધમકી આપતા હતા. ત્યારે અચાનક ઉશ્કેરાય જઈ રવજીએ ફરીયાદીની માતાને પીઠમાં ઢીકો મારી દિધેલ અને બધા ઉપર આ લોકોએ પથ્થરમારો કરવા લાગેલ હતાં. જેથી ફરીયાદી સહિતના લોકોને ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતાં.

જ્યારે સમાપક્ષે ધોરાજીમાં બહારપુરા રહેતાં ધવલભાઈ રવજીભાઈ ભાસ્કર (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય ઉર્ફે વિજલો લાંબો દિનેશ સોલંકી, આશીષ ઉર્ફે કુતેકા અતુલ પરમાર, પ્રવીણ ઉર્ફે ગયઢો શંકર વિંઝુડા, સાહિલ ઉર્ફે ટાઢો મકવાણા, પ્રવીણની માતા લાભુબેન, પ્રવિણની બહેન સોનુબેન, પ્રવિણની બહેન મધુબેન, પ્રવિણનો બનેવી હાર્દિક સોંદરવા પ્રવિણનો ભાઈ ભાવેશ વિઝુંડા, જેનીલ ઉર્ફે ભયુ ઉર્ફે જીનુ અતુલ બારોટ (રહે. તમામ ધોરાજી) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ અને તેમનો નાનો ભાઈ હિરેન કન્સ્ટ્રકશનનું કામકાજ કરે છે.

ગઈ તા.૦૨ ના સાંજના આશરે આઠેક વાગ્યાના આસપાસ તે ઘરની બહાર હાજર તે દરમ્યાન ઘરની બહાર બે બાઈક ચાલકો કોઈ બાબતે ઝઘડો કરતાં હોય જેથી ઘરની આજુબાજુમાં હાજર લોકોએ તેને છુટા પાડતા તેઓ ત્યાથી જતાં રહેલ હતાં. થોડીવાર બાદ ઘરની આગળ તીનબતી ચોક ખાતે વિજય ઉર્ફે વિજલો લાંબો સોલંકી, આશીષ પરમાર ધસી આવેલ અને જાહેરમાં ગાળો બોલતા હોય જેથી ૧૧૨ નંબરમાં ફોન કરતા પોલીસ વાન આવી ગયેલ જેને જોઈને તે બંને લોકો ભાગી ગયેલ હતાં.

ત્યારબાદ થોડીવારમાં જ પ્રવીણ ઉર્ફે ગયઢો વિંઝુડા આવેલ અને ગાળો બોલવા લાગેલ જેથી પોલીસ આવી તેને પકડે તે પેલા તે ત્યાથી નાસી ગયેલ હતો. ત્યાં આવેલ પોલીસે ફરિયાદ કરવાનું કહેતા બીજા દિવસે સવારે પોલીસ સ્ટેશને આવીશ તેમ જણાવતા પોલીસ ત્યાથી જતી રહેલ. ત્યારબાદ યુવાનને ડર લાગેલ કે, આ લોકો રાત્રે ફરી આવશે અને ઝઘડો કરશે જેથી ફરી વખત આ બાબતે ૧૧૨ નંબરમાં ફોન કરી જાણ કરેલ હતી, જે અનુસંધાને પોલીસ ઘરે આવેલ અને ફોન કરતાં તે નીચે ગયેલ અને પોલીસ સાથે વાતચીત કરતો હતો. દરમ્યાન બે વાગ્યાની આસપાસ એક કાળા કલરના એકટીવા ઉપર આશીષ ઉર્ફે કુંતેકા પરમાર, સાહિલ ઉર્ફે ટાઢો મકવાણા અને જેનીલ ઉર્ફે ભયુ ઉર્ફે જીનુ બારોટ ધસી આવેલ અને બોલાચાલી કરવા લાગેલા હતા. તેની સાથે આવેલ જેનીલ ઉર્ફે ભયુ નીચે ઉતરી અને નસીબ ચોક તરફ દોડતો ગયેલો અને પ્રવીણ ઉર્ફે ગયઢાની માતા લાભુબેન સહિતના શખ્સો યુવાનની માતા સાથે ઝઘડો કરવા લાગેલ હતા. લાભુબેને માતાના વાળ પકડી લીધેલ અને સોનુબેને માતાનુ કોણીથી ગળુ દબાવી નીચે પાડી દઈ ઢસડેલ હતી. જે દરમ્યાન યુવાનની પત્ની ભુમિકા છોડાવવા વચ્ચે પડેલ ત્યારે આરોપીઓએ પત્નીને ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને મારી પત્નિના કપડાં ફાડી નાખેલ હતાં. જે દરમ્યાન યુવાનના પિતા રવજીભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેને પણ પ્રવીણ ઉર્ફે ગયઢાએ ઢીક્કા પાટુનો માર મારી તેની પાસે રહેલ છરી કાઢીને છરી વડે હુમલો કરવા જતા ત્યારે ભત્રીજો સચિન વચ્ચે પડતાં આ પ્રવિણ કહેવા લાગેલ કે, આજ તો તુ ગયો તેમ બોલીને સચીનને પેટના ભાગે મારી નાખવાના ઈરાદે છરી મારવા જતા સચીનને પીઠના ભાગે છરી વાગી ગયેલ હતી. બાદ લોકોએ અચાનક છુટા પથ્થરના ઘા કરવાનુ ચાલુ કરી દિધેલ હતાં.

દરમ્યાન પોલીસે તાત્કાલીક વચ્ચે પડી વધુ પોલીસના માણસો બોલાવી બધાને અલગ પાડેલ હતાં. આ મારામારીમાં ફરીયાદીના માતા-પિતા, પત્ની તથા ભત્રીજા સચિનને ઈજા થતાં સારવાર અર્થે પોલીસે સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડેલ હતાં. બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી ધોરાજી પોલીસે આકરી કલમ હેઠળ પાંચ મહિલા સહિત ૧૫ શખ્સો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

### માથાકુટમાં પોલીસને ગાળો ભાંડી ફરજમાં રૂકાવટ: ગુનો નોંધાયો

ધોરાજીમાં હોળી દરમિયાન થયેલી માથાકૂટમાં બે શખ્સોએ પોલીસને પણ બેફામ ગાળો ભાંડતા ફરજમાં રુકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ધોરાજી સીટી પોલીસ મથકના લોકરક્ષક દીલીપભાઈ કટેસીયાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય ઉર્ફે લાંબો દિનેશ સોલંકી અને આશિષ ઉર્ફે કુતેકા અતુલ પરમારનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતે ૧૧૨ જનરક્ષકમા ફરજ બજાવે છે. ગઈ તા.૦૨ ના રાત્રીના પોકેટકોપ મોબાઈલમા એક વર્દી મળેલ કે, કોલર ધવલભાઈ ઉપર હુમલો થયેલ છે, જેથી તે લોકેશનવાળી જગ્યા નસીબ ચોક ખાતે પહોંચી ગયેલ હતા. જ્યાં કોલર હાજર હોય જેને બનાવ અનુસંધાને પુછપરછ કરતા તેણે જણાવેલ કે, બે બાઈક ચાલકોએ મારા સાથે ગાળાગાળી કરેલ છે, હાલમા તે નાસી ગયેલા છે. જેથી તેને પોલીસ ફરિયાદ આપવા બાબતે વાત કરતા તેણે જણાવેલ કે, મારે અત્યારે ફરિયાદ નથી આપવી હું કાલ સવારે ફરિયાદ આપવા પોલીસ સ્ટેશન આવીશ.

જેથી કોલ પુરો કરી વર્દી ક્લોઝ કરવા ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતે આવેલ હતા. બાદ પરત પેટ્રોલિંગમા નીકળી ગયેલા ત્યારબાદ કોલર ધવલભાઈ ભાસ્કર ઉપર હુમલો થયા અંગેની વર્દી મળેલ જેથી બંને ગાડીઓ લઈને કોલર ધવલભાઈ ભાસ્કરના ઘરે પહોંચેલ હતા અને તેની સાથે વાતચીત કરતા હતા. દરમ્યાન એક કાળા કલરની એકટીવા ઉપર બે જણા આવેલા જેથી કોલર ધવલભાઈએ જણાવેલ કે, મારા જોડે ઝઘડો તથા ગાળાગાળી કરનાર આ બંને જણા જ હતા. જેથી તે બંને જણાને રોકતાં એકટીવાનો ચાલક જોર જોરથી બુમ બરાડા કરવા લાગેલ અને પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ઉપર એટ્રોસીટીની ફરિયાદ કરવાની ધમકી આપી પોલીસને ગાળો આપવા લાગેલા કે, શુ થાશે કહીં બીભત્સ ગાળો બોલી પીએસઆઈને પણ બીભત્સ ગાળો આપી હતી. પોલીસ વિશે એલફેલ બોલવા લાગેલ અને કોલર ધવલભાઈ જોડે પણ બોલાચાલી કરવા લાગેલ હતાં.જે દરમ્યાન આ એકટીવા ચાલકની પાછળની સીટ ઉપર બેસેલ શખ્સ ત્યાંથી દોડવા લાગેલ અને લોકોનુ ટોળુ બોલાવી લાવેલ અને અંદરો અંદર ગાળા ગાળી, મારામારી કરવા લાગેલ જે દરમ્યાન પોલીસ તેઓને મારામારી કરતા રોકતા હતા. દરમ્યાન બંને શખ્સો પોલીસ વિષે અશોભનીય ભાષા બોલવા લાગેલ હતા. મારામારી થતી અટકાવતા પોલીસને વચ્ચે વચ્ચે અડચણરુપ થતો હતો જે દરમ્યાન પીઆઈ કે.એસ. ગરચર તથા બીજો વધુ પોલીસ સ્ટાફ ત્યાં આગળ આવી ગયેલ અને આગળની ઘટતી કાર્યવાહી કરી પરિસ્થિતી કાબુમા લીધેલ હતી. જે બનાવમાં ધોરાજી પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

---

# રાજકોટના કાલાવડ રોડ પરથી રૂ.૬.૫૦ લાખના અફીણ સાથે ચાંદલી ગામની બેલડી ઝબ્બે

## એમપીના મજુર પાસેથી ૧૩૦૦ ગ્રામ અફીણ મંગાવી ગ્રાહકની શોધમાં રહેલા પરેશ ગોલતર અને અંકુર રામાણીની ધરપકડ, રૂ.૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે: પ્રકાશની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસઓજીની ટીમે કાલાવડ રોડ પર એમટીવી રિસોર્ટ નજીક દરોડો પાડી ચાંદલી ગામના બે શખ્સોની રૂ. ૬.૫૦ લાખના અફીણ સાથે ધરપકડ કરી હતી. જ્યારે એમપી ખાતેથી અફીણનો જથ્થો લાવી બંને શખ્સોને આપનાર શ્રમિકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને વેપલો કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શહેર એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી વી ધ્રાંગુની રાહબરી હેઠળ ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને મળેલી બાતમીના આધારે કાલાવડ રોડ પર મોટલ ધ વિલેજ રિસોર્ટ નજીક



પાસેથી રૂ.૬.૫૦ લાખની કિંમતના ૧૩૦૦ ગ્રામ અફીણ સાથે પરેશ માંડાભાઈ ગોલતર (ઉવ ૨૪ રહે. ગૌશાળા પાછળ, ચાંદલી ગામ, લોધિકા, રાજકોટ) અને અંકુર ધીરજભાઈ રામાણી (ઉવ ૨૮ રહે. ખોડીયાર મંદિર પાસે, ચાંદલી ગામ, લોધિકા, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા બંને શખ્સોની પૂછપરછમાં તેમણે કેફિયત આપી હતી કે, તેમણે ચાંદલી ગામ ખાતે છેલ્લા ૧૫ વર્ષથી વાડી વિસ્તારમાં રહી ખેત મજૂરી કરતા પ્રકાશ નામના શખ્સ પાસેથી અફીણનો જથ્થો મેળવ્યો હતો અને હાલ તેઓ ગ્રાહકની શોધમાં જ રાજકોટ આવ્યા હતા પરંતુ તેઓ અફીણનો વેપલો કરે તે પૂર્વે જ એસઓજીની ટીમે બંનેને દબોચી લીધા હતા અને અફીણ, એક્ટિવા સ્કૂટર અને મોબાઈલ મળી કુલ રૂ. ૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ પોલિસેં અફીણનો સપ્લાયર એમપીના પ્રકાશની શોધખોળ શરૂ રાખી છે. ઉલ્લેખનીય છે કે, પોલિસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ શહેરી વિસ્તારમાંથી છેલ્લા ૧૦ વર્ષમાં પ્રથમવાર અફીણનો જથ્થો ઝડપાયો છે. આ કામગીરી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ વી વી ધ્રાંગુ, એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઈ રાઠોડ, અરૂણભાઈ બાંભણિયા વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ મૌલિકભાઈ સાવલિયા, દિગ્વિજયસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, મહિલા કોન્સ્ટેબલ મુનાબેન બુસા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

**રાજકોટ શહેર એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી વી ધ્રાંગુ ટીમનો દરોડો: એએસઆઈ ઈન્દુભા જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની બાતમી**

---

# અમરેલી: યુવક્નો પત્ની સાથે મળી પૂર્વ મહિલા સહકર્મી પર હુમલો

## પોલીસ મથક નજીક મહિલાને આંતરી મારમારી પુત્રને જાનથી મારી નાખવાની ધમકી

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

શહેરમાં ગઈકાલે ચિતલ રોડ પર મહિલા પોલીસ સ્ટેશનના ગેઈટ પાસે જ એક મહિલા પર હુમલો અને ધમકી આપવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નોકરી બાબતની જૂની અદાવતમાં દંપતીએ મહિલાને આંતરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

લીલીયા મોટાની વિવેકાનંદ સોસાયટીમાં રહેતા અને ઘરકામ કરતા રીનાબેન કુણાલગીરી ગોસાઈ (ઉ.વ. ૩૧) તેઓ અગાઉ કલ્પેશભાઈ ચાઈલ્ડ લાઈફ ૧૦૯૮ માં સાથે નોકરી કરતા હતા. નોકરી દરમિયાન કલ્પેશભાઈ દ્વારા વારંવાર થતી હેરાનગતિના કારણે રીનાબેને રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપ્યા બાદ પણ આરોપીએ પિતાની બીમારીના બહાને રૂ. ૨૦ હજારની માંગણી કરી ટોર્ચર કરવાનું ચાલુ રાખ્યું હતું. ગઈ કાલે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જ્યારે રીનાબેન ચિતલ રોડ પર મહિલા પોલીસ સ્ટેશનના ગેઈટ પાસેથી પસાર થતા હતા, ત્યારે કલ્પેશભાઈ અને મિતલબેને તેમને રસ્તામાં ઊભા રાખી ગાળો આપી, માર મારી ઈજા પહોંચાડી હતી. અને તેમના પુત્રને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બાબતે પોલીસે પતિ પત્ની વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

# ગોંડલના વાછરા રોડ પર હોળી દર્શન કરવા ગયેલા યુવાન પર કડા વડે હુમલો

## મજાક દરમિયાન ગાળો ભાંડી પરિચિત શખ્સ તૂટી પડતા યુવક લોહીલુહાણ : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના વાછરા રોડ પર હોળીના દર્શન કરવા ગયેલા યુવાન સાથે મજાકમાં ગાળો આપી પરિચિત શખ્સેં કડા વડે હુમલો કરી લોહીલુહાણ કરી દીધો હતો. જે મામલે ગોંડલ પોલિસે મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલના ભગવતપરા શેરી નં.૩૧/૧૬ માં રહેતા ૨૫ વર્ષીય યુવાન જીગ્નેશભાઈ દેવશીભાઈ પારધીએ આરોપી તરીકે હાર્દિક જગદીશ રાઠોડનું નામ આપતાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગઈ તા.૦૩/૦૩/૨૦૨૬ ના રાત્રીના સમયે ગોંડલ વાછરા રોડ પર હોળીનુ આયોજન હોય જેથી હુ તથા મારા મીત્રો બધા ત્યા હોળીના દર્શન કરવા ગયેલ હતા. બાદ તા.૦૪/૦૩/૨૦૨૬ ના વહેલી સવારે ચારેક વાગ્યે હું તથા મારા બીજા મીત્રો આ હોળી પાસે બેસેલ હતા. ત્યારે અમારાથી થોડે દુર રહેતો હાર્દીક જગદીશભાઈ રાઠોડ પણ ત્યા આવેલ હોય અને અમે બંને એક બીજાને ઓળખતા હોય જેથી અમે બંને મજાક કરતા હતા. દરમિયાન હાર્દીક મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મે તેને આવી મજાક કરવાની ના પાડતા હાર્દીક એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાલ પર એક ફડાકો મારી દેતાં હુ નીચે પડી ગયેલ હતો. બાદ હું ઉભો થવા જતા હાર્દીકિ કાંડામાં પહેરેલ લોખંડનુ કડુ મને મારા ડાબા નેણના ભાગે મારી દીધેલ હતું. બીજો ઘા માથામા મારી દીધેલ હતો. જેથી મને ડાબા નેણ પરથી તથા માથાના ભાગેથી લોહી નીકળવા લાગેલ હતુ. જેથી મારા મીત્ર શની ખીમસુરીયા તથા ઘનશ્યામ મકવાણા બંને મને ગોંડલ સરકારી હોસ્પીટલમા સારવાર અર્થે દાખલ કરેલ હતો. બનાવ અંગે ગોંડલ સીટી પોલિસેં ગુનો નોંધી હુમલાખોરની શોધખોળ આદરી હતી.

---

# પ્રભાસપાટણમાં વીજ કર્મચારી પર ઈમ્તિયાઝ ચૌહાણનો હુમલો

## બાકી બીલની રકમ ન ભરતા વીજ જોડાણ કાપ્યાનો ખાર રાખી માર માર્યો

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

પ્રભાસ પાટણ પીજીવીસીએલ વિજ કચેરી તરફથી જે વિજ ગ્રાહકોનું વિજ વપરાશ બિલ બાકી હોઈ તે સબંધિત ઝુંબેશ ચાલી રહેલ છે. જે અનુસંધાને પ્રભાસપાટણ ના કુંભાર વાડા માં રહેતા ઈસુ સેલાર નું બિલ બાકી હોઈ વિજ કર્મચારી દીપેન કિશોર જોશી તે સ્થળે ફરજ બજાવવા ગયેલ જ્યાં તેને બિલ ભરવા અન્યથા વિજજોડાણ ડિસકનેક્ટ થશે તેમ સમજાવેલ પરંતુ તેને બિલ ન ભરતા વિજ જોડાણ ડિસકનેક્ટ કરવામાં આવેલ હતું જે ફરજ બજાવી પોતે તાલુકા શાળા તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળ થી ઈમ્તિયાઝ યુસુફ ચૌહાણ એ વિજ જોડાણ કાપ્યા નો ખાર રાખી વિજ કર્મચારી દીપેન કિશોર જોશી ઉપર હુમલો કરી જાન થી મારી નાખવાની ધમકી આપી ગાળો દઈ ઢીંકા પાટુનો માર મારી ફરજમાં રૂકાવટ કર્યા અંગે પ્રભાસપાટણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ એ બક્ષત કલમ ૧૧૫..૨.૧૨૧. ૩૫૧.૩૫૨. મુજબ ફરિયાદ નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

---

# ધ્રાંગધ્રા: ખાણીપીણીના ધંધાર્થી દંપતી પર હુમલો કરી લૂંટ

## જૂના મનદુઃખના કારણે ચાર શખ્સો ઘરે ધસી આવી મારમારી, રોકડ, ઘરેણાં તફડાવી તોડફોડ કરી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના નરશીપરા વિસ્તારમાં પાઉંભાજીની રેકડી ચલાવતા દંપતી પર ચાર શખ્સોએ જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી હતી ઘટનાના પગલે વિસ્તારમાં ભય અને ચકચારનો માહોલ ફેલાયો છે પ્રાપ્ત માહિતી અનુસાર, નરશીપરા વિસ્તારમાં રહેતા અને મૂળ રાજસ્થાનના મદનલાલ જાટ (પટેલ) અને તેમની પત્ની પોતાના ઘરે હાજર હતા અગાઉના મનદુઃખને કારણે સંજય ચૌહાણ, છત્રપાલ ઉર્ફે સતુભા, કેતન ઉર્ફે નકો નવીન મકવાણા અને અંકિત રાવળ સહિત ચાર શખ્સો ધારિયા અને લોખંડના પાઈપ જેવા હથિયારો સાથે ત્યાં ધસી આવ્યા હતા આરોપીઓએ મદનલાલ જાટ પર ધારિયા વડે હુમલો કરતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પતિને બચાવવા વચ્ચે પડેલ પત્ની પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોએ મહિલાનું સોનાનું મંગળસૂત્ર આંચકી લીધું હતું તેમજ રેકડીમાં રહેલી રોકડ રકમ લૂંટી લીધી હતી કુલ મળીને અંદાજે એક લાખ રૂપિયાની મત્તાની લૂંટ ચલાવવામાં આવી હોવાનું જણાવાયું છે. ઉપરાંત રેકડીમાં તોડફોડ પણ કરવામાં આવી હતી હુમલા બાદ ચારેય શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલિક ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્ત પાસેથી ફરિયાદ નોંધી ચારેય આરોપીઓ વિરુદ્ધ લૂંટ અને હુમલાનો ગુનો દાખલ કર્યો છે અને તેમની શોધખોળ માટે કાર્યવાહી શરૂ કરી છે.

---

# કોઠારિયા રોડ પર યુવતીની 'હનીટ્રેપ' જેવી ધમકીથી કંટાળી યુવકે ઝેરી દવા ગટગટાવી

## કારખાનામાં કામે આવેલી યુવતીએ પૈસા નહીં આપે તો છેડતીના કેસમાં ફસાવી દઈશ તેમ કહેતા આ પગલું ભર્યા હોવાનું સામે આવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર કોરાટ ચોક પાસે ગઈકાલે સવારે યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. યુવતી દ્વારા છેડતીના કેસમાં ફસાવી દેવાની ધમકી અપાતી હોવાથી ટેન્શનમાં આવી આ પગલું ભર્યું હોવાનું યુવકે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મવડી પ્લોટ, વિશ્વનગર-૭ માં રહેતા અને માં ખોડલ નામનું કારખાનું ચલાવતા કલ્પેશભાઈ જેન્તીભાઈ રૂપારેલીયા (ઉ.વ. ૩૨) એ ગઈકાલે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ કોરાટ ચોક પાસે ઝેરી દવા પી લીધી હતી. હાલત લથડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના બિછાનેથી કલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, તેમના કારખાનામાં એક મહિના અગાઉ એક છોકરી કામે આવી હતી. આ યુવતીએ કલ્પેશભાઈ પાસે રૂપિયાની માંગણી કરી હતી અને ધમકી આપી હતી કે, જો મને પૈસા નહીં આપ તો હું તારા પર છેડતીનો ખોટો કેસ કરી દઈશ. આ બ્લેકમેલિંગ અને બદનામીના ડરથી સતત માનસિક તણાવમાં રહેતા કલ્પેશભાઈએ આખરે ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે કલ્પેશભાઈ પરિવારમાં એક ભાઈ અને એક બહેનમાં નાના છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. પોલીસે કલ્પેશભાઈનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# ગોંડલમાં ધુળેટીમાં પરપ્રાંતિય યુવકે પરાણે રંગ લગાવતા સગીરાનો બીજા માળેથી કૂદી આપઘાતનો પ્રયાસ

## માતા-પિતાને જણાવ્યા બાદ વિવાદ થતા ગભરાયેલી અથવા આઘાતમાં સરી પડેલી સગીરાએ આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું

**અબતક, રાજકોટ**

ગોંડલના ગુંદાળા રોડ પર આવેલી ગુજરાત સ્પિનિંગ કંપનીની કોલોનીમાં ધુળેટીના પર્વ પર રંગોના ઉત્સવ વચ્ચે પરાણે રંગ લગાવવાની બાબતે થયેલી બોલાચાલી બાદ ૧૫ વર્ષીય સગીરાએ કંપનીના બીજા માળેથી કૂદીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. હાલ ઈજાગ્રસ્ત સગીરાને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગુંદાળા રોડ પરની સ્પિનિંગ મિલની કોલોનીમાં રહેતો અને મૂળ ઉત્તર પ્રદેશનો પરિવાર આજે ધુળેટીની ઉજવણી કરી રહ્યો હતો. બપોરે ૩ વાગ્યા આસપાસ સગીરા જ્યારે કોલોનીમાં હતી, ત્યારે ત્યાં જ રહેતા પરપ્રાંતિય યુવકે તેને પકડીને ચહેરા પર પરાણે રંગ લગાવ્યો હતો. આ બાબતથી વ્યથિત થયેલી સગીરાએ ઘરે જઈ પોતાની માતાને જાણ કરી હતી. દીકરીની વાત સાંભળીને માતા-પિતાએ તાત્કાલિક તે યુવકને બોલાવીને ઠપકો આપ્યો હતો. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદથી ગભરાયેલી અથવા આઘાતમાં સરી પડેલી સગીરાએ અચાનક જ દોડીને કોલોનીના બીજા માળે કૂદી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે સગીરાને તાત્કાલિક ગોંડલની સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. રાજકોટ સિવિલ પોલીસ ચોકી દ્વારા આ અંગે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે સગીરાનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે.

---

# શાપર-વેરાવળમાં નશાની હાલતમાં મિત્રો વચ્ચેની મશ્કરીમાં યુવક પહેલા માળે જેટલી ઉંચાઈથી પટકાયો

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળમાં ધુળેટીના દિવસે મિત્રો સાથે દારૂની મહેફિલ માણવી યુવકને ભારે પડી છે. નશાની હાલતમાં મિત્રો વચ્ચે થયેલી મશ્કરીમાં એક મિત્રએ ધક્કો મારતા યુવક મકાનના પહેલા માળેથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આ યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ શાપર-વેરાવળમાં શીતળા માતાજીના મંદિર પાસે ભાડાના મકાનમાં રહેતા શ્રવણ દુઃખનભાઈ તાતે (ઉ.વ. ૩૦) ગઈકાલે ધુળેટીના તહેવાર નિમિત્તે પોતાના મિત્રો સાથે દારૂ પીવા બેઠા હતા. નશાના ઘેનમાં મિત્રો અંદરોઅંદર મસ્તી-મજાક કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક કોઈ મિત્રએ મશ્કરીમાં શ્રવણને એક માળ જેટલી ઉંચાઈથી ધક્કો માર્યો હતો. પટકાવાને કારણે તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો પણ તપાસ માટે દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે તમામ મિત્રો દારૂના નશામાં હતા અને મસ્તીમાં જ આ અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ધુળેટીની પૂર્વ રાત્રિએ મેટોડામાં કાળમુખા ટ્રકે અકસ્માત સર્જતા ચાર લોકોના મોત

## મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે ગીરસોમનાથના ટ્રકચાલકે હડફેટે લેતા રીક્ષાનો કચ્ચરઘાણ: ચોટીલા પંથકના બંધુઓ સહીત ત્રણ મુસાફરો અને ચાલક કાળનો કોળિયો બની ગયા

## ગમખ્વાર અકસ્માતને પગલે એસપી વિજયસિંહ ગુર્જર દોડી ગયા: ઉનાના ટ્રક ચાલક સામે ગુનો નોંધાયો


**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે કાલાવડ રોડ પર આવેલ મેટોડા જીઆઈડીસીમાં ધૂળેટીની પૂર્વ રાત્રિએ ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર લોકોના મોત થયાં હતા. જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે પૂરપાટ ઝડપે ધસી આવેલા ટ્રકે રીક્ષાને હડફેટે લઇ તેનો કચ્ચરઘાણ બોલાવી દીધો હતો. આ અકસ્માતમાં રીક્ષાચાલક તથા તેમા મુસાફર તરીકે બેઠેલા મેટોડામાં રહેતા બે સગા ભાઈઓ સહિત ચારના કમકમાટીભર્યા મોત થયા હતાં. અકસ્માતના બનાવને લઈ ખુદ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર પણ બનાવસ્થળે દોડી ગયા હતાં. અકસ્માતની આ ઘટના અંગે કોળી બંધુના પિતાની ફરિયાદ પરથી મેટોડા પોલીસે ગીરસોમનાથના એલમપુર ગામના ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કાલાવડ રોડ હાઈવે પર આવેલ મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર ૩માં આવેલ યુનિવર્સલ ટેકનોકાસ્ટ નામના કારખાના નજીક રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં

જીજે૦૩.બીવાય.૮૮૮૯ નંબરના ટ્રકે રિક્ષાને અડફેટે લેતા જીજે.૦૩.બીએક્સ.૫૬૫૬ નંબરની રિક્ષાનો બુકડો બોલી ગયો હતો.ઓટો રિક્ષામાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક મળી કુલ ૩ મુસાફરો બેઠા હતા જે તમામ અને રિક્ષા ચાલક મળી કુલ ચાર લોકોના આ અકસ્માતમાં મોત નિપજ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઓટો રિક્ષા શ્રીરામ હોસ્પિટલ પાસેથી પસાર થઈ ગેઈટ નંબર ૩માં જતી હતી દરમિયાન અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.



પોલીસની તપાસમાં સુનિલ અશ્વિનભાઈ વરાણીયા (ઉ.વ.૨૮) જે પોતે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલા મચ્છોનગર વિસ્તારમાં જ રહેતો હોવાનું અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું સામે આવ્યું છે. મૃતક રિક્ષા ચાલક એક બેન ત્રણ ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં બે દીકરી હોવાનું સામે આવ્યું છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

આ અકસ્માતમાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક કે જેઓ રિક્ષામાં મુસાફર તરીકે બેઠા હતા તેમના પણ મોત નિપજ્યા છે જેમાં વિશાલ સવસીભાઈ ગાંગડિયા અને વિજય સવસીભાઈ ગાંગડિયાનો

**અકસ્માતના હતભાગીઓ**

(૧) વિશાલભાઈ શીવાભાઈ ગાંગડીયા(ઉ.વ-૨૫, રહે-મેટોડા જી.આઈ.ડી.સી ગેઈટ નં-૦૩ અંદર રોટરી કલબ કવાટર્સ નં-૩૪ તા-લોધીકા જી-રાજકોટ મુળ રહે-ગારીડા તા-ચોટીલા)
(૨) સાગરભાઈ ઉર્ફે વિજય શીવાભાઈ ગાંગડીયા (ઉ.વ-૨૫, રહે-મેટોડા જી.આઈ.ડી.સી ગેઈટ નં-૦૩ અંદર રોટરી કલબ કવાટર્સ નં-૩૪ તા-લોધીકા જી-રાજકોટ મુળ રહે-ગારીડા તા-ચોટીલા)
(૩) સુનિલભાઈ અશ્વીનભાઈ વરાણીયા(ઉ.વ.૨૭ રહે-મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા)
(૪) અતુલ કલ્યાણ સહેરીયા (ઉ.વ.૩૦ રહે- હાલ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા જી.રાજકોટ મુળ રહે-રાજપુરગામ, તા.શહાબાડ જી.બારા,રાજસ્થાન)

સમાવેશ થાય છે.જેઓ પણ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં જ આવેલ રોટરી ક્લ્બ નજીક રહેતા હોવાનું સામે આવ્યું હતું. મૂળ તેઓ સુરેન્દ્રનગરના વતની હતા અને અહીંયા પેઈન્ટર તરીકે મેટોડા અને આસપાસમાં પેઈન્ટિંગ કામ કરતા હતા. આ ઉપરાંત અકસ્માતમાં મૃત્યુ પામેલ અન્ય એક શ્રમિકની ઓળખ જે તે સમયે થઈ ન હતી. બાદમાં તેની ઓળખ પણ થઈ ગઈ હતી. જેનું નામ અતુલ કલ્યાણ સહેરીયા (ઉ.વ.૩૦ રહે- હાલ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા જી.રાજકોટ મુળ રહે- રાજપુરગામ, તા.શહાબાડ જી.બારા,રાજસ્થાન) હોવાનુ માલુમ પડયું હતું.

બનાવ અંગેની જાણ થતા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર,ડીવાયએસપી કે.જી. ઝાલા સહિત મેટોડા પોલીસ તેમજ એલસીબી ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માતની આ ઘટના અંગે મૃતક કોળી બંધુના પિતા શીવાભાઈ લીંબાભાઈ ગાંગડીયા(ઉ.વ.૫૨ રહે. મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ રોટરી કલબ કવાર્ટસ-૩૪ મૂળ ગારીડા તા. ચોટીલા) ની ફરિયાદ પરથી ટ્રક ચાલક બંસીભારથી બટુકભારથી ગૌસ્વામી(ઉ.વ. ૩૧ રહે. એલમપુર તા. ઉના)ની સામે ગુનો નોંધી નાસી ગયેલા ટ્રકચાલકને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મીઠીરોહર: સરકારી જમીન પર માથાભારે શખ્સે કરેલું દબાણ હટાવતું તંત્ર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના મીઠીરોહર વિસ્તારમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા કાસમ રાજા ત્રાયા દ્વારા સરકારી જમીન પર કરવામાં આવેલું ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું છે. આરોપીએ મીઠીરોહર જીઆઈડીસી પાસે સર્વે નંબર ૫૭૩ પૈકીની સરકારી જમીન પર



૨૦૨.૮ ચોરસ મીટરમાં હોટલ અને બે રૂમો બનાવી દબાણ કર્યું હતું. આ જમીનની બજાર કિંમત આશરે .૨૦.૨૮ લાખ થાય છે. પ્રોહિબિશન અને આર્મ્સ એકટ જેવા ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપીએ સ્વેચ્છાએ દબાણ હટાવી લીધું હતું.

# તાલાળા: હડમતીયા ગીર ગામેથી ૧૬ હજાર લિટર અખાદ્ય કેરીનો રસ ઝડપાયો

## બે વર્ષ જૂનો રસ લગ્નની સિઝનમાં વેચાણ માટે સંગ્રહ કર્યો હતો: ગીર સોમનાથ એસઓજીની કામગીરી

**અબતક, લીલાધર હરવાણી, તાલાળા**

ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના હડમતીયા ગીર ગામની સીમમાં વાડીમાં કેરીનો રસ બનાવવાના પ્લાન્ટમાં અને તાલાળામાં ગોડાઉનમાંથી ૧૬ હજાર લિટર અખાદ્ય કેરીના રસ ગીર સોમનાથ એસ ઓ જી ની ટીમે ઝડપી લીધો છે. બનાવવાની પ્રાપ્ત વિગત મુજબ , ગીર સોમનાથ એસ



ઓ જીની ટીમને બાતમી મળી હતી કે, તાલાળાના હડમતીયા ગીર ગામની સીમમાં આવેલી પ્રવીણભાઈ ગોકળભાઈ વાડીએ ‘‘રૂચિલ એગ્રો ફૂડ પ્રોડક્ટ ‘‘ નામના પ્લાન્ટમાં અખાધ કેરીનો રસ બનાવાય છે. એસોજીની ટીમે ફૂડ સેફ્ટી ઓફિસર ને સાથે રાખી હડમતીયા ગામે રેડ દરમિયાન કેરીનો રસ બનાવવાના પ્લાન્ટમાં તથા તાલાળા ગામે તપાસ કરતા ગોડાઉન માંથી કેરીનો રસનો બે વર્ષ જુનો અઘાધ જથ્થો જે તાજેતરની લગ્નની સિઝનમાં વેચાણ કરવા રાખેલ હોય જે આશરે ૧૬ હજાર લીટર જેટલો કેરીનો રસનો પડતર અને ભેળસેળ યુક્ત અખાધ જથ્થો હોવાની શક્યતા મળી આવ્યો હતો. જેને સેન્ટ્રલ ફૂડ સેફ્ટી ઓફિસર પાસે ઘટતી કાર્યવાહી કરવા માટે જે- તે સિટીમાં ચીઝ કરવામાં આવ્યો છે. આ દરોડા ની કામગીરી એસ ઓ જી ઈન્ચાર્જ પીઆઈ ડી એમ કાગડા, પીએસઆઈ આર એચ સુવા, એએસઆઈ જીગ્નેશ ગીરી અને કલ્પેશભાઈ સહિતના સ્ટાફે બજાવી છે.

## અંતે સોશિયલ મીડિયા સ્ટાર, સંતો વચ્ચેના વિવાદનો અંત

# જુનાગઢ: કીર્તિ પટેલે સમજદારીથી માફી માંગતા સંતોએ આપી દીધા આશિર્વાદ

## શિવરાત્રીની રાત્રિએ કિર્તી પટેલે મૃગીકુંડમાં સ્નાન કરતા વિવાદ સર્જાયો‘તો

**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

ભવનાથ ક્ષેત્રના સંત ઈન્દ્રભારતી બાપુ અને સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ વચ્ચે સર્જાયેલા વિવાદમાં કંઈક નોખો વણાંક આવ્યો છે. અને આ મામલે કીર્તિ પટેલે ઈન્દ્રભારતી બાપુ સહિતના સંતોની માફી માંગી, સંતોના આશીર્વાદ પણ મેળવી લીધા છે.

જૂનાગઢના ભવનાથ મંદિરના પરિસરમાં શિવરાત્રીની રાત્રીએ ભગવા વેશમા સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલે એન્ટ્રી કરી હતી, અને બાદમાં મૃગી કુંડમાં સંતોનું શાહી સ્નાન ચાલી રહ્યું હતું તે દરમિયાન કીર્તિ પટેલે સ્નાન કરતા



ત્યાં ઉપસ્થિત ઈન્દ્રભારતી બાપુ એ આ બાબત પોલીસ અને તંત્રને ધ્યાને મુકતા, પોલીસે કીર્તિ પટેલને સમજાવવાનો પ્રયત્ન કરતા, ફરજ પરના મહિલા પીઆઈ સાથે કીર્તિ પટેલે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કર્યું હતું અને ફરજમાં રૂકાવટ કરી હતી. જે અંગેની ભાવનાથ પોલીસ સ્ટેશનમાં મહિલા પીઆઈ દ્વારા ફરિયાદ દાખલ થઈ હતી. આ ઘટના બાદ કીર્તિ પટેલે લડી લેવાના મૂડમાં આવી સોશિયલ મીડિયા ઉપર લાઈવ થઈ બધું ખુલ્લું પાડીશ એવું જણાવતા આ વિવાદ વધુ વકર્યો હતો.

આમ એક સાથે ત્રણ ત્રણ ફરિયાદો કીર્તિ પટેલ સામે નોંધાતા, આ વિવાદ વકરતો જતો હતો. તે દરમિયાન જુનાગઢ પોલીસે અન્ય રાજ્યમાંથી કીર્તિ પટેલની અટક કરી, જુનાગઢ લાવેલ અને યુવક પાસેથી રૂ. ૨૦ લાખ માંગવાના કેસમાં એક દિવસના રિમાન્ડ બાદ કીર્તિ પટેલનો જામીન ઉપર છુટકારો થયો હતો. ત્યારબાદ અન્ય બે કેસમાં વકીલને સાથે રાખી કીર્તિ પટેલે પોલીસને નિવેદન નોંધાવ્યા હતા. અને પોલીસ તપાસમાં કીર્તિ પટેલ સંપૂર્ણ સહકાર આપશે તેવી બાહેંધરી આપવામાં આવી હતી.

ભવનાથ ખાતે સોમવારે મોડી રાત્રિના કીર્તિ પટેલે સંતોની સમજદારી પૂર્વક માફી માંગી લીધી છે. સંતોએ પણ મોટું મન રાખી કીર્તિ પટેલને આશીર્વાદ આપ્યા છે. ત્યારે આ તકે ભારતી આશ્રમના મહંત હરિહરાનંદ બાપુએ જણાવ્યું હતુંકે, આ વિવાદમાં કંઈ હતું જ નહીં. લોકોએ આને વિષય બનાવી દેતા વિટંબણા બનાવી દીધી હતી. ઈન્દ્રભારતી બાપુ સહિતના સંતોની પણ શિષ્યા છે.

આ તકે કીર્તિ પટેલે સંતોના પાવન ચરણોમાં બેઠક લીધી હતી. સંતોને હસતા મુખે સાલ ઓઢાળી, જય જય ગિરનારીના નાદ ગુંજાવ્યા હતા.

અંતે મૃગી કુંડમાં કીર્તિ પટેલે શાહી સ્નાન વખતે સંતો સાથે કરેલા સ્નાન બાદ વકરેલા વિવાદના અંતે સોમવાર રાત્રિના સંતોની માફી માંગી સંતોના કરેલ સન્માન અને મેળવેલ આશીર્વાદથી સંતો અને કીર્તિ પટેલ વચ્ચે સર્જાયેલી નારાજગી અને વકરેલો વિવાદ શાંત થયો હતો.

# આદીપુર: ચોરાઉ મોબાઈલ સાથે અબ્દુલ ચાવડા ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પીઆઈ એમ.સી.વાળાની સુચનાથી આદિપુર પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ. જયપાલસિંહ જાડેજા પો.કોન્સ. અમરીશભાઈ ચાવડાને ચોકકસ બાતમી હકીકત તથા નેત્રમ શાખાની મદદના આધારે આદિપુર પોલીસ સ્ટેશન મોબાઈલ ચોરીના ગુનામા સંડોવાયેલ આરોપી અબ્દુલ મુસા ચાવડાને પકડી



ચોરીમાં ગયેલ ૯૦૦૦ની કિંમતના મોબાઈલ સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી આદિપુર પીઆઈ એમ.સી.વાળા, પો.સબ.ઈન્સ આર.એમ.ડુવા સાથે આદિપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

# ચોટીલા નાયબ કલેકટર મકવાણા દ્વારા ખનીજ માફીયા સામે લેન્ડ ગ્રેબીંગનું શસ્ત્ર ઉગામ્યું

## તરણેતર ગામે ખરાબામાં ખનન કરતા ચાર શખ્સો સામે કાર્યવાહી: રૂ. ૧.૯૭ કરોડનો મુદામાલ કબ્જે

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા ડેપ્યુટી કલેકટર એચ.ટી. મકવાણા અને તેમની ટીમ દ્વારા થાન તાલુકાના તરણેતર ગામના સરકારી સર્વે નંબર ૫૯૨ વાળી જમીનમાં સરપ્રાઈઝ રેઈડ કરતા ગેરકાયદેસર રીતે સેન્ડસ્ટોન તથા સફેદ માટીનું ખનન કરતા વાહનો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જેમાં સ્થળ પરથી ૦૩ ડમ્પર, ૦૧ હિટાચી મશીન, ૦૧ ટ્રેક્ટર સહિત ફૂલ રૂ.૧.૯૭ કરોડનો મુદામાલ કબજે કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો હતો. તેમજ વાહન માલિક અને ખનન કરનાર (૧) વેરશીભાઈ લાલજીભાઈ સારદીયા રહે. તરણેતર તા.થાન (૨) લગધીરભાઈ ભીમશીભાઈ લલોતરા રહે. ડોળીયા તા.સાયલા (૩) હેમુભાઈ જીવરાજભાઈ ખમાણી રહે. તરણેતર તા.થાન અને (૪) કાળુભાઈ હેમુભાઈ ખમાણી રહે. તરણેતર તા.થાન વાળા સામે લેન્ડ ગ્રેબિંગ અને તડીપારની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેમજ તરણેતર ગામના તલાટી કમ મંત્રી અને સરપંચ સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મિત્રતા પર કલંક: જૂનાગઢના જામકા ગામના યુવકની મિત્રએ કરી હત્યા

## બોટાદ જવા નીકળેલો યુવક જુનાગઢમાંથી ગંભીર રીતે ઘવાયેલી હાલતમાં મળ્યો: રાજકોટમાં સારવારમાં દમ તોડ્યો: પરિવારજનોએ હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરી, પોલીસને શંકા જતા અકસ્માતને બદલે હત્યા સામે આવ્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના જામકા ગામના એક ૧૯ વર્ષીય યુવકનું રાજકોટ ખાતે સારવાર દરમિયાન મૃત્યુ થતા, પરિવારે એકનો એક દિકરો ગુમાવતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું, આ કેસમાં પરિવારે હત્યાની આશંકા દર્શાવતા, અને પોલીસને શંકા જતા, કરાવાયેલા પેનલ પી.એમ.માં આ કેસમાં નવો વળાંક આવ્યો હતો. અને આ શંકાસ્પદ મોત મિત્રના હાથે થયું હોવાનું સામે આવતા, પોલીસે ગણતરીની મિનિટોમાં જ હત્યારાને ઝડપી લઈ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, જૂનાગઢના જામકા ગામનો યુવક રાશીશ ઉર્ફે ભયું હરસુખભાઈ સોલંકી (ઉ.વ. ૧૯) લાઈટ ડેકોરેશનના કામ માટે બોટાદ જવાનું છે તેમ કહી તા. ૧ ના રોજ ઘરેથી નીકળ્યો હતો. ત્યાંથી વિસાવદર તેના પિતરાઈ ભાઈ હર્ષદ સોલંકીના ઘરે રોકાયો હતો. બાદમાં રાશીશ બોટાદ જવાને બદલે પિતરાઈ ભાઈ હર્ષદ સોલંકી સાથે જૂનાગઢ આવી, જૂનાગઢના કાળિયાવાડ વિસ્તારમાં મિત સોલંકીના ઘરે રોકાયા હતા, અને રાશીશ સોલંકી, રવિ સોલંકી, રોનક ચૌહાણ અને મિત સોલંકી બેઠા હતા ત્યારે રાશિશ અને રોનક વચ્ચે બોલાચાલી થઈ હતી, અને ઉગ્રતામાં આવી રોનક એ રાશિશને એક છરીનો ઘા ઝીંકી દેતા, રાશિશ લોહી લુહાણ થઈ ગયો હતો, બાદમાં મિત્રોએ રાશિશને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો, અને રાશિશને બહેનને ફોન કરી જણાવ્યું હતું કે, મોટર સાયકલ પરથી પડી જતા, રાશિશને ઈજાઓ થઈ છે.

દરમિયાન જૂનાગઢ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં રાશિસની હાલત અત્યંત નાજુક જણાતા ફરજ પરના તબીબોએ તેને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવાની સલાહ આપતા, પરિવારજનો રાશિશને રાજકોટ લઈ ગયા હતા પરંતુ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન



કરૂણ મોત નીપજ્યું હતું.

મરણ જનાર રાશિશના શરીર પર ગંભીર ઈજાના નિશાન હોવાથી પરિવારજનોએ આશંકા વ્યક્ત કરી હતી, અને પોલીસને પણ શંકા જતા રાશિશના મૃતદેહનું પેનલ પી.એમ. કરાવાતા, આ કેસ અકસ્માતનો નહીં પણ હત્યા છે, તે સામે આવતા, મરણ જનારની મોટી બેન નેહલબેન હરસુખભાઈ સોલંકીએ જુનાગઢ એ ડિવિઝન પોલીસમાં આરોપી રોનક ચૌહાણ સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે ગણતરીની કલાકોમાં હત્યારા આરોપી રોનક ચૌહાણને પકડી પાડી, તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પરિવારજનોની આશંકા અને મરણ જનાર રાશીશના શરીર પરની ઈજા જોઈ પોલીસને ગયેલ શંકાના કારણે કરાવાયેલ પેનલ પોસ્ટમોર્ટમમાં સત્ય બહાર આવતા આ કેસમાં નવો વળાંક આપ્યો હતો. આ મામલે પોલીસના જણાવ્યા મુજબ, આ હત્યા છુપાવવા પહેલા અકસ્માત થયું હોવાનું આરોપી અને મિત્રો દ્વારા કહેવાયું હતું. પરંતુ પોલીસે આ મામલે ભેદ ઉકેલી આરોપી રોનક ચૌહાણને પકડી પાડ્યો છે, પકડાયેલ આરોપી ગુન્હાહિત રેકોર્ડ ધરાવે છે.

# બાબરા કોર્ટમાં જુબાની આપ્યાનો ખાર રાખી સિક્યુરિટીના કોન્ટ્રાકટરને ગુજસીટોકના આરોપીએ આપી ધમકી

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા નજીક કોટડા પીઠા પાસે સિક્યુરિટી ના કોન્ટ્રાક્ટરને અદાલતમાં જુબાની આપવાનો ખાર રાખી ગુજશીટોકના આરોપી તત્વીર ગીડાએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યા ની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ જસદણ શહેરના ગોખલાણા રોડ પર આવેલ લાતી પ્લોટ પાસે રહેતા ઉદયભાઈ અશોકભાઈ ધાંધલ નામના યુવાને જસદણ ખાતે રહેતા સતવીર ધીરુભાઈ ગીડા નામના માથાભારે શખ્સે જુબાની દેવાના મામલે મન દુખ રાખી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગેની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઉદયભાઈ ધાંધલ ગામે ચા કંપનીની સિક્યુરિટી નું કામ સંભાળતી ઈકો ડેલ્ટા ફોર્સ મા પેટામા સિક્યુરિટી નો કોન્ટ્રાક્ટર સંભાળે છે અને ગત બે માર્ચના રોજ પોતાનું બાઈક લઈ જસદણ થી કોટડા પીઠા ગામે જઈ રહ્યા હતા ત્યારે તનવીર ગીડા કારમાં આવી મને ઉભો રાખી ગાળો આપવા લાગે મને કહેલ કે રાજકોટના કેસમાં જુબાની દેવા શા માટે ગયેલ હતો તે કેસ તારામાં આવતો નથી તેમ કહીને મને કહેલ કે તને જાનથી પતાવી દઈશ તેવી ધમકી આપ્યા અંગેનું જણાવ્યું હતુ પોલીસે સતવીર ગીડા સામે ગુનો નોંધે ધોરણ સરની કાર્યવાહી બાબરા પોલીસ મથકના સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

# પી.એસ.એલ કાર્ગો વિસ્તારમાંથી રૂ.૧.૭૧ લાખનો દારૂ પકડાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

હોળી-ધૂળેટીના તહેવારો નિમિત્તે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચનાથી ગાંધીધામ ‘‘બી‘‘ ડિવિઝન પોલીસે પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત પી.એસ.એલ. કાર્ગો વિસ્તારમાં સફળ દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે લિસ્ટેડ બુટલેગર ધીરજ મથુરારાય યાદવની ઓરડીમાં તપાસ કરતા વેચાણ અર્થે સંગ્રહાયેલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કુલ ૧૨૮ બોટલો કબ્જે કરી હતી, જેની કુલ કિંમત ૧,૭૧,૧૦૦ થાય છે. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એસ. વી. ગોજીયા, પો.સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# જુનાગઢના યુવકે ઓઝત નદીમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું

## પત્ની સાથે સામાન્ય બોલાચાલી થતા આવેશમાં આવેલ યુવકે અંતિમ પગલું ભરી લેતા પરિવારજનો પર આભ ફાટ્યું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વંથલી-સોમનાથ હાઈવે પર આવેલી ઓઝત નદીના ઊંડા પાણીમાંથી જૂનાગઢના ૩૧ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા, જૂનાગઢના વાજા પર દુઃખનું આભ ફાટયું હતું.

જુનાગઢ જિલ્લાના વંથલી નજીક વંથલી-સોમનાથ હાઈવે પર આવેલી ઓઝત નદીના પાણીમાં મંગળવારે કોઈની લાશ તરતી હોવાની પોલીસને જાણ થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી, અને સ્થાનિક તરવૈયાઓને બોલાવવામાં આવ્યા હતા, તરવૈયાઓની ભારે જહેમત બાદ મૃતદેહને નદીના ઊંડા પાણીમાંથી બહાર કાઢવામા આવ્યો હતો. પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વંથલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અને મૃતકની ઓળખ મેળવવા પોલીસે તપાસ શરૂ કરી હતી.

દરમિયાન પોલીસ તપાસમાં મરણ જનાર યુવક, જૂનાગઢના મધુરમ વિસ્તારમાં આવેલ વિનાયક ટાઉનશિપમાં રહેતા કેયુરસભાઈ શાંતિલાલ વાજા (ઉ.વ. ૩૧) હોવાનું સામે આવ્યું હતું, અને મરણ જનારને તેની પત્ની વૈશાલીબેન સાથે સામાન્ય બાબતે બોલાચાલી થયેલ જેનું લાગી આવતા આ પગલું ભરી લીધા હોવાનું મરણ જનારના મોટા ભાઈએ નિવેદન આપ્યું હતું.

# બગસરા નગરપાલિકા દ્વારા હર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત સ્વદેશી મેળોનો પ્રારંભ

## સ્થાનીક ઉત્પાદકોને ઘર આંગણે જ મળ્યું માર્કેટ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં હર ઘર સ્વદેશી મેળાનો ધારાસભ્ય જે.વી.કાકડીયાના હસ્તે પ્રારંભ કરાયું તેમણે પ્રદર્શનની મુલાકાત લઈ સખી મંડળ અને સ્વ સહાય જૂથોની બહેનોને શુભેચ્છા પાઠવી હતી. વોકલ ફોર લોકલ' સૂત્રને સાર્થક કરવા આ મેળા દ્વારા સ્થાનિક ઉત્પાદકોને પોતાના શહેરમાં જ માર્કેટિંગ માટે સશક્ત પ્લેટફોર્મ મળી રહ્યું...૨૯ સ્ટોલની વ્યવસ્થા સાથે ૨ થી ૮ માર્ચ સુધી મેળો ચાલુ રહેશે. સ્વદેશી મેળામાં હસ્તકલા, કપડાં અને ઘરગથ્થુ વસ્તુઓનું પ્રદર્શન-વેચાણ કરવામાં આવ્યું. ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો...નગરપાલિકાના પૂર્વ પ્રમુખ એ.વી. રીબડીયા જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપ ભાખર મનોજભાઈ મહિડા. ધીરુભાઈ કોટડીયા રાજુભાઈ ગીડા મામલતદાર ભીંડીભાઈ સહિત નગરપાલિકા સદસ્યો અને લોકો ઉપસ્થત રહ્યા.

# ગીર સોમનાથના ભાજપના બે આગેવાનોને જામનગર-છોટાઉદેપુર જીલ્લાના પ્રભારી બનાવાયાં

## સુત્રાપાડા પૂર્વ નગરપતિ દિલીપભાઈ બારડને જામનગરના હીમત પરસાણાને છોટા ઉદેયપુરની સોંપાઈ જવાબદારી

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ભાજપ સંગઠનમાં ગીર સોમનાથના બે આગેવાનોને અલગ અલગ જીલ્લામાં મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા સંગઠનને વધુ વેગવંતું બનાવવા માટે વિવિધ જિલ્લા અને મહાનગરના પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે. ગીર સોમનાથ જિલ્લાના યુવા નેતા અને પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દિલીપભાઈ બારડની





જામનગર જિલ્લાના પ્રભારી તરીકે તેમજ હિંમતભાઈ પરસાણાની છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી તરીકે નિમણૂક કરવામાં આવતા ગીર સોમનાથ જિલ્લા ભાજપ પરિવાર અને કાર્યકરોમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

દિલીપભાઈ બારડ નાની ઉંમરથી જ જનસેવા અને સંગઠન ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા છે તેમની રાજકીય સફર સંઘર્ષ અને સફળતાથી ભરેલી રહી છેઃ માત્ર ૧૯ વર્ષની વયે સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ બનીને તેમણે ઈતિહાસ સર્જ્યો હતો વહીવટી અનુભવઃ તેઓ સતત બે ટર્મ સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ, સુત્રાપાડા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ અને સુત્રાપાડા એ.પી.એમ.સી.ના પ્રમુખ તરીકે સેવા આપી છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં તેઓ ગીર સોમનાથ જિલ્લાના કાર્યકારી પ્રમુખ હતા. ખાસ કરીને સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં ઈન્ચાર્જ તરીકે તેમની કુશળતાને કારણે ભાજપે ૨૪માંથી ૨૪ બેઠકો જીતીને ક્લીન સ્વીપ કર્યું હતું. પક્ષ દ્વારા તેમને ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પ્રવાસી કાર્યકર્તા તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી, જ્યાં તેમણે સંગઠન મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જિલ્લા ભાજપમાં સતત બે ટર્મ મહામંત્રી તરીકે સફળ કામગીરી કરી હાલ તેઓ પ્રદેશ કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે

ખેડૂતો અને યુવાનોમાં લોકપ્રિય એવા દિલીપભાઈ બારડ અને અનુભવી નેતા હિંમતભાઈ પરસાણાની પ્રભારી તરીકેની આ નિમણૂકથી જામનગર અને છોટાઉદેપુર જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત અને ગતિશીલ બનશે તેવો વિશ્વાસ કાર્યકરોએ વ્યક્ત કર્યો છે. ગીર સોમનાથ જિલ્લાના આગેવાનો અને કાર્યકરોએ બંને નેતાઓને અભિનંદન પાઠવ્યા છે.

# ધ્રાંગધ્રાઃ જિલ્લા ભાજપ પ્રમુખ હાર્દિક ટમાલીયાના જન્મદિવસની સેવાકીય કાર્યો સાથે ઉજવણી

## દર્દીઓને ફૂડ પેકેટ અને જરૂરિયાતમંદોને મિષ્ટાન ભોજન કરાવાયું; ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ 'સેવા જ સંકલ્પ'ની ભાવના સાકાર કરી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લા ભાજપ પ્રમુખ હાર્દિકભાઈ ટમાલીયાના જન્મદિવસ નિમિત્તે ધ્રાંગધ્રા શહેર ભાજપ દ્વારા ભવ્ય ઉજવણીના બદલે માનવસેવાને પ્રાથમિકતા આપી સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પક્ષની 'સેવા હી સંગઠન'ની રીતને અનુસરીને આ દિવસે દર્દી નારાયણ અને જરૂરિયાતમંદ પરિવારોની સેવા કરી જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધ્રાંગધ્રા શહેર ભાજપ દ્વારા હોસ્પિટલના દર્દીઓને પૌષ્ટિક ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું, સાથે જ દરિદ્રનારાયણ માટે મિષ્ટાન સાથેના ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ લોકોના ચહેરા પર સ્મિત લાવવાનો અને જન્મદિવસને સમાજ ઉપયોગી કાર્ય સાથે જોડવાનો હતો.



આ કાર્યક્રમમાં શહેર સંગઠન પ્રમુખ નિશાંતભાઈ પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, મહામંત્રીઓ સંજયભાઈ ગોવાણી અને રાજદીપકસિંહ પરમાર સહિત શહેર સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો અને વિવિધ મોરચાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ આગેવાનો અને કાર્યકર્તાઓએ હાર્દિકભાઈ ટમાલીયાને પુષ્પગુચ્છ અને શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુ અને તેજસ્વી જાહેર જીવનની કામના કરી હતી. આ સેવાકીય અભિગમે ધ્રાંગધ્રામાં કાર્યકર્તાઓ અને નાગરિકો વચ્ચે સૌહાર્દપૂર્ણ માહોલ સર્જ્યો હતો.

# ધ્રાંગધ્રાના ભાગવતધામ સ્વામિનારાયણ મંદિરે ધૂળેટીએ કેસુડાના રંગે રંગાયા હરિભક્તો

## ગુરુકુળના વિદ્યાર્થીઓ અને ભાવિકોએ ભજન-કીર્તન સાથે ઉજવ્યો પર્વ; મહાઆરતી બાદ શાસ્ત્રોક્ત વિધિથી કરાયા છાંટણા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સમગ્ર દેશમાં જ્યારે રંગોના પર્વ ધૂળેટીની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે, ત્યારે ધ્રાંગધ્રાના હળવદ રોડ પર આવેલ ભાગવતધામ સ્વામિનારાયણ મંદિરે આ પર્વ અનોખી અને સાદગીપૂર્ણ ભક્તિ સાથે ઉજવાયો હતો. અહીં હરિભક્તો લૌકિક રંગોને બદલે ભક્તિના રંગમાં રંગાયેલા જોવા મળ્યા હતા.



સવારથી જ મંદિર પરિસરમાં ગુરુકુળના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ઉમટી પડેલા હરિભક્તોએ ભજન, કીર્તન અને વિશેષ પ્રાર્થનાનો લ્હાવો લીધો હતો. ભક્તિમય વાતાવરણ વચ્ચે બપોરના સમયે ભગવાનની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પરંપરાગત રીતે કેસુડાના પવિત્ર પાણીના છાંટણાં કરીને શાસ્ત્રોક્ત વિધિ મુજબ ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આમ, ભાગવતધામ ખાતે હરિભક્તો અને વિદ્યાર્થીઓએ એકબીજા પર કેસુડાનો રંગ છાંટી, પ્રભુ ભક્તિમાં લીન થઈને પવિત્રતા સાથે આ મહોત્સવને યાદગાર બનાવ્યો હતો.

# સુત્રાપાડાના 'અબતક'ના પત્રકાર રામસિંહ મોરી આંગણે પુત્ર લગ્નનો રૂડો અવસર



## ચિ. સૌરવ સંગ ચિ. પ્રિયા

સુત્રાપાડાના 'મોરી' પરિવારના રામસિંહ મોરી આંગણે આસોપાલવના તોરણો બંધાયા છે. શરણાઈના મધુર સુરો ગુંજી રહ્યા છે. મહેમાનોને સ્નેહ નિતરતા તેડા કરવામાં આવ્યા છે. રૂડા લગ્નગીતો ગવાય રહ્યા છે. અ.સૌ. રસિલાબેન તથા રામસિંહભાઈ મોરી લાડકવાયા પુત્ર ચિ.સૌરવ શુભલગ્ન શાંતિબેન અને કાનજીભાઈ પરમાર સુપુત્રી ચિ.પ્રિયાબા સાથે વિક્રમ સંવત ૨૦૮૨ને ફાગણ વદ-૩ને તા.૧૨ માર્ચે ગુરૂવારના રોજ શૂભચોઘડીયે નિરધારેલ છે.

પવિત્ર અગ્નિની સાક્ષીએ રેશમની ગાંઠે ગુંથાશે ભવોભવના સાથી બનશે માંગલીક અવસરોમાં તા.૧૧ને બુધવારે ગણેશજીની સ્થાપના, મંડપ મુહુર્ત, દાંડીયા રાસ અને ભોજન સમારંભ યોજાશે. જીવથી વ્હાલા વીરાના લગનીયા લેવાયા હોય બેનડી ભારે ઉત્સાહિત છે. મોરી પરિવાર દ્વારા આમંત્રિતોને રૂડા લગ્નોત્સવમાં સામેલ થવા સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઉપલેટાઃ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલવાળા શક્તિસિંહ રાઠોડ પરિવારના આંગણે ઢોલ ઢબુક્યા

## ચિ.સમર્થસિંહ સૌ.કા. ચિ.એકતાબા



ઉપલેટા શહેરની પ્રથમ હરોળની કહિ શકાય તેવી ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કુલવાળા અ.સૌ.ઉર્મિલાબા તથા શકિતસિંહજી કલ્યાણસિંહજી રાઠોડના લાડકવાયા પુત્ર ચિ.સમર્થસિંહજીના શુભ લગ્ન મુળ મોટાખડલા હાલ રાજકોટ રહેવાસી અ.સૌ. મીનાબા તથા ક્રિપાલસિંહજી નરપતસિંહજી જાડેજાની લાડકવાયી પુત્રી સૌ.કા. ચિ.એકતાબા સાથે તા.૭ને શનિવારે સાંજે ૭:૩૦ કલાકે શ્યામ પાર્ટી પ્લોટ, મવડી, કણકોટ રોડ આરએમસી પાણીના ટાંકા પાસે રાજકોટ મુકામે નિર્ધારિલ છે તો આમંત્રિકો માટે ભોજન સમારંભ તા.૭ને શનિવારે સાંજે ૮ વાગ્યે ઉપરોક્ત સ્થળે યોજેલ છે. આ શુભ માંગલ્ય અવસરમાં આમંત્રિકોને પધારવા રાઠોડ પરિવારે અનુરોધ કરેલ છે.

# ધ્રાંગધ્રાઃ સાધના વિદ્યાલયમાં 'વિશ્વ વન્યજીવન દિવસ'ની ઉજવણી

## વરૂના સંરક્ષણ અંગે વિદ્યાર્થીઓને અપાયું માર્ગદર્શન



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

પૃથ્વી પરના જૈવ વૈવિધ્યના જતન માટે દર વર્ષે ૩ માર્ચે ઉજવાતા 'વિશ્વ વન્યજીવન દિવસ' નિમિત્તે ધ્રાંગધ્રાની સાધના વિદ્યાલય ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વન વિભાગના અધિકારીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વન્યજીવોના સંરક્ષણ અને કુદરતી સંતુલન જાળવવા અંગે સવિસ્તર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં ખાસ કરીને ગુજરાતમાં ઘટતી જતી વરુની સંખ્યા અને તેના સંવર્ધન માટે સક્કરબાગ ઝૂલોજિકલ પાર્ક દ્વારા કરવામાં આવતા પ્રયાસો વિશે માહિતી આપવામાં આવી હતી. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે વન્યજીવોનું રક્ષણ એ માત્ર સરકારની જ નહીં, પણ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. અંતમાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ સંરક્ષણ માટેના સંકલ્પ લીધા હતા. શાળા પરિવારે વન વિભાગનો આભાર માની ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### દિપડાના અસ્તીત્વ સંઘર્ષ પર પી.એચ.ડી. કરનાર

# જૂનાગઢ નરસિંહ મહેતા યુનિ.ના સંશોધકને આંતર રાષ્ટ્રીય એવોર્ડ એનાયત

## આંતર રાષ્ટ્રીય એવોર્ડથી ગુજરાતનું ગૌરવ વધુ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝના પી.એચડી. સંશોધક વિશાલ પટેલને. આઈ.આર.એલ.ઈ. કોન્ફરન્સ ૨૦૨૬ દરમિયાન તેમના સંશોધન માટે આંતરરાષ્ટ્રીય બીગ કેટ અલાઈન્સ દ્વારા શ્રેષ્ઠ સંશોધન પત્ર માટેનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

વિશાલ પટેલ આ સેન્ટરના ડાયરેક્ટર ડો. નિશીથ ધારૈયાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જંગલની બહાર વસતા દીપડાઓ તેમજ દીપડા અને મનુષ્યના સંઘર્ષ પર સંશોધન કરી રહ્યા છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડો. પ્રતાપસિંહજી ચૌહાણે વિશાલ પટેલને અભિનંદન આપતા જણાવ્યું કે, આ સિદ્દિધ યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝની સંશોધન ગુણવત્તા તથા યથાર્થતા દર્શાવે છે.

# બગસરામાં હોળી-ધુળેટીના તહેવારો રંગેચંગે સંપન્ન

## હોળીની જાળ પૂર્વ તરફ જતા સારા ચોમાસાનો આવ્યો વર્તારો



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં હોળી પર્વની ઠેર ઠેર હોલિકા દહન કરી દર વર્ષની માફક આ વર્ષે પણ આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરકારી દવાખાના પાસે અંબિકા રાસ મંડળ શ્રીરામ ગ્રુપ આયોજન કરેલ તથા પટેલ વાડી આરાધના ગ્રુપ તેમજ વર્ષો જૂને ઉપલી બજાર વિસ્તારમાં હોળી પ્રગટાવી હોલિકા દહનનું આયોજન થતા બહોળી સંખ્યામાં લોકો મહિલાઓ બાળકો યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને હોલિકાના ફેરા ફરી ધન્યતા અનુભવી હતી અને દર્શન કર્યા હતા નવ દંપતિઓ દ્વારા હોળીમાં ફરતે શ્રીફળ અને પાણી ના સાત ફેરા ફરીને નવદંપતીઓ ધન્ય થયા હતા. આગામી ચોમાસા માટે હોળીની ઝાળપૂર્વ તરફ જતા જાણકારોના મતે આગામી ચોમાસુનો વર્તાવો રહ્યો છે.

# ખાંભા ખુલ્લા કૂવામાં પડી ગયેલા મગરનું રેસ્ક્યુ કરાવ્યું



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ગીર પૂર્વ વન વિભાગની તુલસીશ્યામ રેન્જ હેઠળ આવતી બોરાળા રાઉન્ડ ખાતે ખુલ્લા કૂવામાં મગર પડી ગયો જેની જાણ વન વિભાગને થતા ખાંભાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર નકુમે તાત્કાલિક રેસ્ક્યુ ટીમ તેમજ સ્ટાફને સાથે રાખીને મગરનું રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરી હતી આખરે ત્રણ કલાકની મહેનત બાદ કૂવામાંથી સહી સલામત મગરનો રેસ્ક્યુ કરીને પ્રકૃતિ વચ્ચે નદીમાં છોડવામાં આવ્યો હતો.

# ગુરૂ ગુલાબરામજી દાદાની પુણ્યતિથિ નિમિતે સંગીત સંધ્યા યોજાઇ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ગુજરાતના માત્ર એક જ સંગીત ઘરાના જે આદિત્યરામ ઘરાનાથી ઓળખાય છે. તેના ગાયકો તથા વાદકો નો ગામ કોકલકી મુકામે સંગીત ગુરુ ગુલાબરામજી દાદાની આ કાર્યક્રમમાં તા. ૧-૩-૨૦૨૬ રવિવારના આદિત્યરામ ઘરાના હિતેશભાઈ ભટ્ટ, કેતનભાઈ પાલા, રુપેશભાઈ ચૌહાણ, પ્રીતેશભાઈ મહેતા, મનીષભાઈ મહેતા તથા અન્ય મહાનુભાવો એ આદિત્યરામજીની આ રચનાઓ



ગાઈને આપણા આદિત્યરામ ઘરાનાની ગાયકીની ઝાંખી કરાવી હતી. આ કાર્યક્રમ ગુરુ રાજુબાપુ ગોસ્વામી કે જે ગુરુ પરંપરા માં આદિત્યરામજીની પાંચમી પેઢીએ આદિત્યરામ ઘરાનાની ગાયકીના પ્રચારક તથા પ્રસ્તારક તેના દ્વારા આ આયોજન ગોઠવવામાં આવેલું હતું. ગુલાબરામ દાદાની આ અઢારમી પુણ્ય તિથિએ આવેલા મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય તથા પુષ્પાંજલી અર્પણ કરીને ગુરુ ગુલાબરામજી દાદાની પુજા અર્ચના કરવામાં આવી હતી. તથા સાથે સાથે બટુક ભોજન તથા આવેલ બધાજો શ્રોતાગણોને પ્રસાદી ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં રંગોત્સવની ઉમંગભેર ઉજવણી

## ડીવાયએસપી સહિતના અધિકારીઓએ મનાવી ધૂળેટીઃ પોલીસ જવાનોએ એકબીજાને ગુલાલ લગાવી ભાઈચારા અને એકતાનો આપ્યો સંદેશ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં કાયદો અને વ્યવસ્થાની કડક અમલવારી વચ્ચે પોલીસ બેડામાં પણ આનંદનો માહોલ જોવા મળ્યો હતો. ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે ઉચ્ચ અધિકારીઓ અને સ્ટાફ દ્વારા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.



આ અવસરે ધ્રાંગધ્રા ડીવાયએસપી જે. ડી. પુરોહિત, સીટી પીઆઈ એમ. યુ. મસી તેમજ ટી.આર.બી.ના જવાનો અને તમામ પોલીસ સ્ટાફે એકબીજાને રંગ લગાવી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. પોતાની વ્યસ્ત ફરજ વચ્ચે પણ પોલીસ અધિકારીઓએ પરંપરા જાળવી રાખતા પોલીસ સ્ટેશનના પરિસરમાં મીઠાઈ વહેંચીને ખુશીઓ વહેંચી હતી.

ઉજવણી દરમિયાન અધિકારીઓએ જણાવ્યું હતું કે, ધૂળેટી એ માત્ર રંગોનો તહેવાર નથી પરંતુ સમાજમાં પ્રેમ અને ભાઈચારો વધારવાનો અવસર છે. આ સાથે જ પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને શાંતિ અને સમરસતા સાથે તહેવાર ઉજવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. પોલીસ વિભાગની આ ઉજવણીએ જનતામાં એકતા અને સુરક્ષાનો મજબૂત સંદેશ પહોંચાડ્યો છે.

# સોમનાથઃ આરોગ્ય માટે શ્રેષ્ઠ ફરજ બજાવતા મીનાબા જાદવની કામગીરીને બીરદાવી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવ ના સાનિધ્ય માં સ્વ પુનમ બેન સોની સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ શ્રી મીના બા આર જાદવ દ્વારા થયેલા સર્વ રોગ નિદાન કેમ્પ માં નિષ્ણાત તબીબો સાથે ૧૦૬૩ યાત્રાળુઓ માટે શ્રેષ્ઠ ફરજ બજાવી હતી જેમાં આ કાર્ય ની નોંધ



ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા એ લઈ અભીનંદન સંદેશ પાઠવતા અખિલ ગુજરાત માછીમાર મહામંડળ ના પ્રમુખ અને ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ના ડાયરેક્ટર કિશોરભાઈ એમ કુહાડા ના વરદ હસ્તે અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી.

# ઢોલ-શરણાઈના તાલે ઝૂમી પોલીસ: એસ. પી. સહિતના ઉચ્ચ અધિકારીઓએ માણ્યો રંગોત્સવ



## અધિકારીઓ, કર્મચારીઓએ પોલીસ અધિક્ષક ઉપર અબીલ-ગુલાલની છોળો ઉડાવી મોજ માણી, ઢોલ, શરણાઈના તાલે એસપી ડો. રવિ મોહન સૈની અને પોલીસ સ્ટાફે ધૂળેટીની ધામધૂમથી ઉજવણી કરી

રંગોના પર્વ ધુળેટીની જામનગર શહેર અને જિલ્લાભરમાં જુદા જુદા સ્થળેએ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. રિસોર્ટ, પાર્ટી પ્લોટ અને હોટલોના ગ્રાઉન્ડ તથા શેરી ગલીઓમાં રંગની છોળો સાથે રંગોતસ્વ મનાવવામાં આવ્યો હતો. ત્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ખડેપગે રહેતા જામનગર પોલીસ દ્વારા પણ ધુળેટી પર્વની ઉજવણી કરાઈ હતી.

જામનગર પોલીસ હેડ ક્વાટર્સ ખાતે પોલીસ પરિવાર સાથે ઉજવણીનું આયોજન કરાયું હતું. જેમાં પોલીસ આલમના અધિકારીઓ, કર્મચારીઓએ પોલીસ અધિક્ષને અબીલ-ગુલાલ ઉડાવી મોજ માણી હતી. જેને લઈને હેડ ક્વાર્ટરમાં સ્નેહ અને રંગોનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ઢોલ, શરણાઈના તાલે એસપી ડો. રવિ મોહન સૈની અને પોલીસ સ્ટાફે ધૂળેટીની ધામધૂમથી ઉજવણી કરી હતી.

આ ઉજવણીમાં જામનગરના પોલીસ અધિક્ષક રવિ મોહન સૈની, જામનગર એ. એસ. પી. પ્રતિભા, શહેર ડી. વાય. એસ. પી. જયવીરસિંહ ઝાલા, ગ્રામ્ય ડીવાયએપી મીત રૂદલાલ, જામનગર એલસીબી પીઆઈ વી.એમ. લગારિયાં, એસઓજી પીઆઈ બી.એન ચૌધરી શહેર સીટી એ ડિવિઝન પીઆઈ એન.એ. ચાવડા સિટી બી ડિવિઝન પીઆઈ પી.પી. ઝા, સિટી સી ડીવીજનના પી. આઈ. સહિતના પોલીસ સ્ટાફ પરિવાર સાથે ઉજવણીમા જોડાયા હતા.

## દિવ્યેશ અકબરીએ દિવ્યાંગ બાળકો અને વડીલો સાથે મનાવી ધૂળેટી

જામનગર ૭૯-વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ આ વર્ષે પણ ધૂળેટીના પર્વની પ્રેરણાદાયી ઉજવણી કરીને પોતાની સંવેદનશીલતાનો પરિચય આપ્યો છે. દર વર્ષની જેમ આ વખતે પણ તેમણે રંગોત્સવની ઉજવણી જામનગરની સુપ્રસિદ્ધ આણદાબાવા સેવા સંસ્થાના મુક-બધિર, દિવ્યાંગ બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલો સાથે કરી હતી.ધારાસભ્ય બન્યા બાદ દિવ્યેશ અકબરીએ એક અનોખી



પરંપરા સ્થાપિત કરી છે. તેઓ પોતાના અંગત મિત્ર વર્તુળ કે પરિવારને બદલે સમાજના વંચિત અને દિવ્યાંગ બાળકો સાથે તહેવારોની ઉજવણી કરવાનું પસંદ કરે છે. બુધવારે તેમણે આણદાબાવા આશ્રમની મુલાકાત લઈ બાળકો સાથે ગુલાલથી હોળી રમી હતી અને વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. મુક-બધિર બાળકોના ચહેરા પર સ્મિત લાવી તેમણે જનતાને પણ સૌહાર્દપૂર્ણ રીતે તહેવાર ઉજવવાનો સંદેશ આપ્યો હતો.

### હોળીની રાત્રે જામ્યો જબરો માહોલ

# સાંસદ પૂનમબેન માડમે પરંપરાગત રમત રમી જનતા સાથે કરી અનોખી ઉજવણી

**રણજીત સાગર રોડ પર લોકમેળા જેવો માહોલ; બાળકો અને સ્થાનિકો સાથે હાસ્ય-વિનોદ કરી સાંસદે જીત્યા સૌના દિલ**

છોટી કાશી ગણાતા જામનગરમાં હોળીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ તકે જામનગરના સાંસદ પૂનમબેન માડમે પોતાના વ્યસ્ત શિડ્યુલમાંથી સમય ફાળવીને રણજીત સાગર રોડ પર સ્થાનિક રહેવાસીઓ સાથે હોળીની રાત્રિ માણી હતી. આ લોકપ્રિય નેતાને પોતાની વચ્ચે જોઈને વિસ્તારના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ઉજવણીમાં સાંસદ પૂનમબેન માડમની સાથે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી અને બીનાબેન કોઠારી પણ જોડાયા હતા. મહાનુભાવોએ માત્ર હાજરી જ ન આપી, પરંતુ મેદાનમાં ઉતરીને વર્ષો જૂની



પરંપરાગત રમતો રમીને વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. પૂનમબેને આ તકે આહવાન કર્યું હતું કે આધુનિક યુગમાં પણ આપણે આપણી સાંસ્કૃતિક પરંપરાઓને અકબંધ રાખવી જોઈએ.

સાંસદની સાદગી અને મૃદુ સ્વભાવે સૌને પ્રભાવિત કર્યા હતા. તેમણે લતાવાસીઓ અને બાળકો સાથે હળવી પળો વિતાવી, રમતો રમી અને હાસ્ય-વિનોદ દ્વારા જનતા સાથેના આત્મીય સંબંધોને વધુ મજબૂત કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા, જેઓએ આ અનોખી ઉજવણીને વધાવી લીધી હતી.

# દ્વારકામાં આંગણવાડી કેન્દ્રોમાં ભૂલકાઓ ધૂળેટીની કરી ઉજવણી



**અબતક, મહેન્દ્ર કકકડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જીલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં હોળી તથા ધુળેટી વિશેષ રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભૂલકાઓ દ્વારા રંગો પિચકારી તેમજ અનોખી કલાકૃતિ રજુ કરી હોળી ધુળેટી પર્વની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી.

# જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી તરીકે હેપીબેન ભાલોડીયાની વરણી



**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામનગર જિલ્લા ભાજપ મહિલા મોરચાના મહામંત્રી તરીકે જામ જોધપુર ભાજપના પીઢ મહિલા આગેવાન હેપીબેન પ્રફુલભાઈ ભાલોડીયાની વરણી કરવામાં આવેલ છે. હેપીબેન ભાલોડીયા ઘણા વરસો નગર પાલિકાના સભ્ય પદે રહી ચુક્યા છે અને નગર પાલિકાના કારોબારી ચેરમેન પદે પણ સેવા આપી ચુક્યા છે ઉપરાંત ગૃહ વિભાગના મહિલા સુરક્ષા સમિતીમાં પણ ઘણા વરસો સેવા આપી મહિલાઓના તેમજ અનેક વિવિધ પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થયા છે. આ વરણીને જિલ્લા સંગઠનના વિવિધ હોદેદારો વિવિધ મહિલા મોરચાના મહિલા અગ્રણીઓ જામજોધપુર તાલુકાના સંગઠનના સહુ આગેવાનો ભાજપના વિવિધ અગ્રણીઓએ આવકારી અભિનંદન આપેલ છે.

# ગુલાબનગર પાસે સાત કેબિન-રેકડીઓ બળીને ખાખ

**રાજ પાર્ક નજીક જૂના ટાયરોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું; ફાયર બ્રિગેડે બે ટેન્કરની મદદથી આગ ઓલવી**

શહેરના ગુલાબનગર રોડ પર રાજ પાર્ક પાસે આજે ધૂળેટીના પર્વે બપોરના સુમારે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. અહીં આવેલી ૪ કેબિન અને ૩ રેકડીઓમાં અચાનક આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. આગના લબકારા અને ધુમાડાના કાળા ગોટેગોટા દૂર સુધી આકાશમાં દેખાતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા.



બપોરે આશરે ૩:૦૦ વાગ્યાના અરસામાં અકસ્માતે લાગેલી આ આગે બાજુમાં પડેલા જૂના ટાયરોના જથ્થાને કારણે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને પગલે ગેરેજ, ફ્રૂટની રેકડીઓ અને અન્ય માલસામાનની કેબિનો સહિત કુલ સાત ધંધાકીય એકમો આગની લપેટમાં આવી ગયા હતા.

ઘટનાની જાણ થતા જ જામનગર ફાયર બ્રિગેડની ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બે પાણીના ટેન્કરો દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ગરીબ ધંધાર્થીઓના સામાન અને કેબિનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

# જામજોધપુરના માર્કેટિંગ યાર્ડના વેપારીને બેસ્ટ વેપારીનો એવોર્ડ એનાયત

**અબતક, ભરત ગોહિલ**
**જામ જોધપુર**

અમદાવાદ મુકામે ફીશ એફ.આઈ.એસ.એસ. દ્વારા ધાણા જીરૂ હળદર સહિતના વેપારીઓનો ભવ્ય સેમીનાર યોજાયો હતો. જેમાં રાજસ્થાન મધ્યપ્રદેશ ગુજરાત સહિતના વેપારીઓ ઉપસ્થિત રહેલ હતા. આ સેમીનારમાં જામ જોધપુર માર્કેટિંગ યાર્ડમાં ધાણાનો વેપાર કરતા રઘુવીર ટ્રેડિંગને ધાણાના વેપાર ધંધામાં ઉત્તમ સારી કામગીરી કરવા માટેનો એવોર્ડ આપવામાં આવેલ હતો. આમ જામ જોધપુર



રઘુવીર ટ્રેડિંગ કંપની ઉત્તમ બેસ્ટ કામગીરીનો એવોર્ડ મળતા જામ જોધપુર માર્કેટિંગ યાર્ડનું ગૌરવ વધ્યું છે.

# દ્વારકા જિલ્લામાં ૧૪ વર્ષની કિશોરીઓને સર્વાઈકલ કેન્સરની રસી અપાશે

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળિયા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગર્ભાશય મુખના કેન્સર વિરોધી એચ.પી.વી. રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ આગામી તા.૨૮ ફેબ્રુઆરીના રોજ અજમેર ખાતેથી કરવામાં આવશે. સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે રાજ્યની ૧૪ વર્ષની દીકરીઓનું રસીકરણ કરવામાં આવશે.

જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અંદાજિત ૬,૨૪૪ કિશોરીઓને એચ.પી.વી. વેક્સિન આપવામાં આવશે. એચપીવી રસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન અંતર્ગત લાભાર્થીઓની ઓળખમાં ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. ટેકો+ અને સી.ટી.એસ. મુજબના અંદાજિત લક્ષ્યાંકની હેડ કાઉન્ટ સાથે વેરિફિકેશન કરવામાં આવશે.

# જામખંભાળીયામાં રઘુવંશી સમાજનો પરિચય મેળો સફળતાપૂર્વક સંપન્ન

**અબતક, વિનાયક ભટ્ટ**
**જામખંભાળીયા**

## લોહાણા સમાજના આગેવાનોની વિશે ઉપસ્થિતિમાં સંતાનો સાથે વાલીઓ ઉમટી પડયા

જામખંભાળીયાની સમસ્ત રઘુવંશી યુવા યુવતિ પરિચય ગ્રુપ દ્વારા યુવક યુવતિ ગેટ ટુ ગેધર ૬ઠ્ઠો પરિચય મેળો યોજાયો હતો.જ્ઞાતિ ઉત્કર્ષ તથા જ્ઞાતિ એકતા અને રઘુવંશી પરિવારો નજીકથી મળે તથા વિચારોના આદાન પ્રદાન સાથે પોતાને મનગમતા પાત્રો પસંદ થઈ શકે તે હેતુથી તાજેતરમાં જુની લોહાણા મહાજનવાડી ખંભાળીયા ખાતે મજીઠીયા હોલમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

બપોરે ૧૨.૩૦ થી ૨.૩૦ ભોજન તથા ૨.૩૦ થી સાંજે પાંચ વાગ્યા સુધી ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાયો હતો. જે યુવક યુવતિ પરિચય મેળામાં લોહાણા સમાજના યુકવ યુવતિઓ એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

લોહાણા સમાજના આગેવાનો ધીરેનભાઈ બદીયાણી, હસમુખભાઈ દતાણી, રાજુભાઈ કોટેચા, મહેન્દ્રભાઈ કુંડલીયા, અનિલભાઈ છગ તથા ભીખુભાઈ મશરુ દ્વારા આ આયોજન થયું હતું.

